૨૫ મે, ૨૦૨૦/3019

**શ્રી નીતિનભાઈ પટેલ**
*માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

**વિષય : અમદાવાદના વિસ્તાર માટેના જીવન-જરૂરી ચીજ-વસ્તુ માટેના હોલસેલ બજારો ખોલવા બાબત.**

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી,**

સરકારશ્રી દ્વારા અગાઉ અમદાવાદના હોલસેલના બજારો ખોલવા માટે છુટ અપાઇ હતી જે ઘણી આવકાર્ય હતી અને સરળતાથી વ્યાજબી ભાવે બધા ગ્રાહકોને અનાજ-કરિયાણાનો જથ્થો ઉપલબ્ધ હતો. છેલ્લા ૧૫-૨૦ દિવસથી આ હોલસેલ માર્કેટોને બંધ કરવાની ફરજ પાડવામાં આવેલ છે જેના લીધે કરિયાણાની દુકાનમાં અનાજ-કઠોળ કરિયાણાનો જથ્થાની અછત વર્તાઇ છે.

આપશ્રીને અમારી નમ્ર વિનંતી છે કે અમદાવાદના હોલસેલ બજારો જેવા કે જુના માધુપુરા, નવા માધુપુરા જે કરિયાણા, ગોળ, ખાંડ વિગેરેનું હોલસેલ વેચાણ કરે છે અને દિલ્હી દરવાજાની બહાર આવેલ છે. આ ઉપરાંત કાળુપુરના લાટ બજાર જે જથ્થાબંધ અનાજ અને કઠોળનું હોલસેલ વિતરણ કરે છે તથા કાળુપુરનું તેલબજાર પણ હોલસેલનું બજાર છે. આ બજારો બંધ થતાં છુટક વેપારીઓ તકનો લાભ લઇ ગ્રાહકો પાસેથી બમણો નફો લઇ રહ્યા છે જેનો સીધો માર મધ્યમ વર્ગને થઇ રહ્યો છે. જ્યારે હોલસેલ માર્કેટના ગોડાઉનમાં સામાન ગરમી ના લીધે બગડી રહ્યો છે ત્યારે વેપારી ભાઇઓને પણ નુકશાન જઇ રહ્યું છે.

ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખી ગુજરાતની પ્રજા અને વેપારીઓના વિશાળ હિતમાં વિચારણા કરી હોલસેલ માર્કેટને તાત્કાલિક ધોરણે ખોલવાની છુટ આપવા અંગે સકારાત્મક નિર્ણય લેવા અમારી આપશ્રીને વિનંતી છે.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
*પ્રમુખ*